# ભાજપમાં દિવાળી : મહારાષ્ટ્ર-હરિયાણામાં કેસરીયો



**નરેન્દ્ર મોદી અને અમિત શાહની હાજરીમાં બધા પાસાની સમીક્ષા : બંને રાજ્યોમાં ભવ્ય જીત બાદ ભાજપ સંસદીય બોર્ડની બેઠક : મહારાષ્ટ્રમાં શિવસેના સાથે હાથ મિલાવવાની દિશામાં પહેલરૂપે રાજનાથ અને નડ્ડાને નિરીક્ષક તરીકે મોકલાશે : વેંકૈયા તેમજ શર્મા હરિયાણામાં જશે**

નવી દિલ્હી,તા. ૧૯

મહારાષ્ટ્ર અને હરિયાણામાં નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે ભાજપે ઐતિહાસિક જીત મેળવી લીધા બાદ મોડી સાંજે ભાજપ સંસદીય બોર્ડની અતિમહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં ભાજપને જીત આપવા બદલ અને તેનામાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ લોકોનો આભાર માનવામાં આવ્યો હતો. સાથે સાથે બંને રાજ્યોમાં સરકારની રચના કરવાની પ્રક્રિયાના મુદ્દે પણ વાતચીત કરવામાં આવી હતી. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક પક્ષ પ્રમુખ અમિત શાહના નેતૃત્વમાં યોજાઈ હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બે પાનાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. બંને રાજ્યોમાં જીત બાદ સરકાર રચવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. રાજનાથસિંહ અને જેપી નડ્ડા મહારાષ્ટ્રમાં નિરીક્ષક તરીકે રહેશે જ્યારે હરિયાણામાં વેંકૈયા નાયડુ અને દિનેશ શર્મા નિરીક્ષક તરીકે મોકલવામાં આવશે. આ બંને દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યા બાદ નેતાની પસંદગી કરવામાં આવશે. શિવસેના સાથે મહારાષ્ટ્રમાં હાથ મિલાવવાની દિશામાં પહેલ તરીકે આને જોવામાં આવે છે. એક બે દિવસમાં નવા નેતાની પસંદગી કરી લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સંસદીય બોર્ડની બેઠક બાદ

● અનુસંધાન પાન-૭ પર


જીંદગીને એટલી ગંભીરતાથી ન લ્યો કે જીવવાની હળવાશ મહેસૂસ જ ન થાય

- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૯ | ૨૦ ઓક્ટોબર, ૨૦૧૪, સોમવાર ; આસો વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# શહેરના બજારો ગ્રાહકોથી છલકાયા

ગાંધીનગર, તા.૧૯

દિવાળીનો ઉત્સાહ હવે જામતો જાય છે. આવતીકાલથી દિવાળીના તહેવારો શરૂ થઈ જશે. રવિવારની રજાના દિવસે બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જામી હતી. ઈલેક્ટ્રોનિક્સ આઈટમો, કપડાં, બુટ-ચંપલ અને મીઠાઈ-ફરસાણ, મુખવાસની ખરીદી કરતા લોકો નજરે ચઢયા હતા.

શનિ-રવિની રજાઓમાં બજારોમાં ખરીદી જામતા વેપારીઓ એકદમ ઉત્સાહમાં આવી ગયા હતા.

**રવિવારે ઘરાકી નિકળી : એટીએમમાં પૈસા ખુટયા : કપડાંથી લઈને મીઠાઈ-ફરસાણની દુકાનો પર ભારે ભીડ જામી : છેલ્લા દિવસોમાં ખરીદીનો જામતો માહોલ**



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

છેલ્લા ઘણા સમયથી મંદીનો સામનો કરી રહેલા વેપારીઓ દિવાળીના પહેલા જામેલી ઘરાકીની તેજી જોઈ ખુશ થઈ ગયા હતા.

ઘણી કંપનીઓએ બોનસ છુટું કરી દેતા બજારોમાં તેની અસર વર્તાતી હતી. બાંધકામ ક્ષેત્રે જોડાયેલા મજુરોને પણ દિવાળી પહેલા બોનસનું ચુકવણું થઈ જતાં તેઓ નાની-મોટી ખરીદી કરી વતન ઉપડવા માટે તલપાપડ બન્યા છે. સ્થાનિક વસાહતીઓ ઘરવખરીનો સામાન, ઈલેકટ્રોનિકસ આઈટમો, ઘર સજાવટની ચીજવસ્તુઓ, નવા વસ્ત્રો તથા ભેટ સોગાદો અને મીઠાઈ ફરસાણની ખરીદી કરતા નજરે ચઢતા હતા. મોટી શોપ્સ દુકાનોમાં તો સારી

● અનુસંધાન પાન-૭ પર

## અવનવી એલઈડી લાઈટીંગ સીરીઝનું પણ ધૂમ વેચાણ

દિવાળીમાં દીવડાંની દીપ માળા સાથે નગરજનો ઈલેક્ટ્રીક લાઈટીંગની સીરીઝ લગાડીને પણ પોતાના ઘરને રોશનીથી શણગારે છે. આજકાલ બજારમાં એલઈડી લાઈટસની ધૂમ બોલબાલા છે. અને આ એલઈડી લાઈટસની ચાઈનીઝ તેમજ ઘરેલુ બનાવટની અવનવી રંગબેરંગી સીરીઝો બજારમાં ખૂબ વેચાઈ રહી છે. વિવિધ લાઈટીંગની પેટર્નવાળી તેમજ રિમોટ કંટ્રોલથી સંચાલિત આ ઝગમગતી રોશની પાથરતી અને ઝબૂકતી સીરીઝોની અનેક વેરાઈટી ગાંધીનગરના બજારમાં ઉપલબ્ધ થઈ છે. જેની પણ નગરજનોએ મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. એલીઈડી લાઈટસની ખૂબી એ છે કે તે ખૂબ આકર્ષક હોવા છતાં સસ્તી અને ઓછી જોખમી હોય છે તેથી લોકો તેને વધુ પસંદ કરી રહ્યાં છે.

## ગ્રાહકોને આકર્ષવા ડિસ્કાઉન્ટ સ્કીમો

દિવાળીની ઘરાકીને આકર્ષવા ઘણા વેપારીઓ દ્વારા વિવિધ ડિસ્કાઉન્ટ અને ફ્રી આઈટમોની સ્કીમો જાહેર કરી હતી. શનિ રવિની રજાઓમાં ખુલેલી અપેક્ષિત ઘરાકીના કારણે ઉત્સાહમાં આવી ગયેલા દુકાનદારોએ ગ્રાહકોના ધસારામાં એક જ ગ્રાહક પાછળ વધુ ટાઈમ ના બગડે અને ભાવ સાંભળીને ગ્રાહક ભાવ તાલ કરાવ્યા વગર જતો ના રહે તે માટે વેપારીઓએ પહેલેથી જ ડિસ્કાઉન્ટ અથવા ફ્રિ આઈટમોની સ્કીમના સ્ટીકર કે બેનર દુકાનોમાં લગાડયા હતા. આમ તો બ્રાન્ડેડ કંપનીઓ દ્વારા દિવાળીમાં વિવિધ સ્કીમો માધ્યમો થકી જાહેર કરાય છે પરંતુ હવે સ્થાનિક વેપારીઓએ પણ આ પધ્ધતિ અપનાવી ગ્રાહકોને આકર્ષવા પ્રયત્ન કર્યો હતો.

# શહેરના બાયપાસ માર્ગ પર ફેન્સીંગ કરાશે

**શાહપુર ચોકડીથી મહાત્મા મંદિર સુધીના રૂટમાં માર્ગ આસપાસ ફેન્સીંગની વિચારણા : 'ખ' માર્ગ પર રહેણાંક વિસ્તારને અનુલક્ષી સર્વિસ રોડ બનાવવાની અનિવાર્યતા**

ગાંધીનગર, તા. ૧૯

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરી વિસ્તારમાં રોડ નેટવર્કને ચકાચક બનાવવાના કામો ટુંકમાં હાથ ધરાશે. જ્યારે મહાનુભાવોના આગમનને અનુલક્ષી શાહપુર ચોકડીથી મહાત્મા મંદિર સુધીના માર્ગ આસપાસ ફેન્સીંગનું કામ પણ હાથ ધરવા વિચારણા ચાલી રહી છે.

બે મહીના બાદ યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અત્યારથી જ પૂર્વે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશમાંથી ગાંધીનગર આવનારા મહાનુભાવોને અનુલક્ષી સલામતી અને સવલોતોની દષ્ટિએ અપગ્રેડેશન લાવવા જરૂરી કામોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે શહેરમાં જરૂરી રસ્તાઓને પણ ચકાચક બનાવવાનું કામ હાથ ધરાશે. જ્યારે માર્ગ નવીનીકરણના કામો ઝડપથી હાથ ધરાય તે માટે તંત્ર દ્વારા વિભાગને કામો સૂચવીને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સેન્ટ્રલવર્જ, સાઈનબોર્ડ તેમજ પ્લાન્ટેશન સહીતના બ્યુટીફીકેશનના કામો પણ હાથ ધરવામાં આવનાર છે. બીજી તરફ વાઈબ્રન્ટમાં મહાનુભાવો તેમજ વી.વી.આઈ.પી.ઓના આગમનને અનુલક્ષી સલામતીના દષ્ટિકોણને ધ્યાને લઈને પણ કેટલાક જરૂરી પગલાઓ લેવામાં આવશે. જેમાં કોબા ઈન્દીરાબ્રિજ માર્ગની જેમ શાહપુર ચોકડીથી મહાત્મા મંદિર સુધીના રૂટમાં માર્ગ આસપાસ ફેન્સીંગ કરવાનું આયોજન પણ હાલ વિચારણા હેઠળ છે. જેના પરિણામે મહાનુભાવોની અવર-જવર દરમિયાન માર્ગ સલામતી જળવાઈ રહે પરંતુ આ રૂટમાં 'ખ' માર્ગ પર હોવાથી રહેણાંક વિસ્તારને ધ્યાને લઈ આ પૂર્વે સર્વિસ રોડનું આયોજન કરવું પડે તેવી સ્થિતિ છે.






# જિલ્લામાં ૨૦ મી નવેમ્બરથી ગુણોત્સવ

**ત્રિદિવસીય ગુણોત્સવ દરમ્યાન જિલ્લાની ૬૦૦ થી વધુ પ્રાથમિક શાળાઓને આવરી લેવાશે**

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૨૦ મી નવેમ્બરથી જિલ્લામાં ત્રિદિવસીય ગુણોત્સવ યોજવામાં આવશે.

પ્રાથમિક શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા સુધારણા અંતર્ગત આ ગુણોત્સવનું આયોજન સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ વખતના ગુણોત્સવમાં શાળાઓ દ્વારા સ્વમૂલ્યાંકન પણ ગુણોત્સવ દરમ્યાન જ કરવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આગોતરા સ્વમૂલ્યાંકનને લઈ કેટલાક જિલ્લાઓના પરિણામમાં ભારે ઉછાળો જોવા મળતાં તંત્રએ આ નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

આ વેળાએ ગુણોત્સવનું મૂલ્યાંકન પણ ઓ.એમ.આર. શીટ થી બાળકોનું થશે. આ ઉપરાંત વિદ્યાર્થીનું મેરીટલીસ્ટ પણ ચકાસવામાં આવશે. પ્રાથમીક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાનને સઘન બનાવવા સરકાર કેટલાક મહત્વના ફેરફારો પણ આગામી દિવસોમાં કરે તેવી શક્યતાના નિર્દેશો તંત્રના અંતરંગ વર્તુળોમાંથી મળી રહ્યા છે.

૨૦ મી નવેમ્બરથી શરૂ થતા ત્રિદિવસીય ગુણોત્સવ દરમ્યાન જિલ્લાની ૬૦૦ થી વધુ પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવનાર છે. રાજ્યના ત્રણ હજાર જેટલા ઉચ્ચ અધિકારીઓ આ ગુણોત્સવ માટે દરેક જિલ્લામાં જશે.

આ ગુણોત્સવ દરમ્યાન જ્ઞાન સપ્તાહ દરમ્યાન થયેલ કામગીરીની પણ વિશેષ ચકાસણી હાથ ધરવામાં આવનાર છે. આ ગુણોત્સવમાં ઈતર વાંચન પર વિશેષ ભાર મુકવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

દિવાળી વેકેશન બાદ ખુલતી શાળાયે જ આ ગુણોત્સવ યોજવામાં આવનાર હોવાથી ગુણવત્તાનું સાચુ મૂલ્યાંકન થશે તેમ મનાઈ રહ્યું છે.

## રાજકોટ પેટા ચૂંટણીમાં વિજય રૂપાણીનો ભવ્ય વિજય



ગાંધીનગર, તા.૧૯

ગુજરાતની રાજકોટ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં જાહેર થયેલા પરિણામ માં ભાજપના ઉમેદવાર વિજય રૂપાણીનો ભવ્ય વિજય થવા પામ્યો હતો. વજુભાઈ વાળાને કર્ણાટકના રાજયપાલ બનાવવામાં આવતાં વજુભાઈએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપતાં રાજકોટ વિધાનસભા બેઠક ખાલી પડતા ગત ૧૫મી ઓકટોબરના રોજ આ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પેટા ચૂંટણીનું આજે પરિણામ જાહેર થતાં તેમાં ભાજપના ઉમેદવાર વિજયભાઈ રૂપાણીએ ૨૩ હજાર મતોની સરસાઈ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો જયારે કોંગ્રેસના ઉમેદવારનો કારમો પરાજય થવા પામ્યો હતો.





